જૂન ૨૦૧૬

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ



# બુદ્ધિ VS હાર્ટ

# બુદ્ધિ VS હાર્ટ

## અક્રમ એક્સપ્રેસ

### સંપાદકીય

*બાળમિત્રો,*

*તમે બધાએ સાંભળ્યું જ હશે કે તમારા ઘરમાં રહેતા તમારા બા-બાપુજીને બધા હૃદયવાળા કહેતા. અને તમારી જેમ, દરેક ઘરમા ઘરડાં માવતર હૃદયવાળા હોય છે. જ્યારે અત્યારનું જનરેશન બુદ્ધિ વાળું કહેવાય છે.*

*શું ફરક છે આ બુદ્ધિવાળામાં અને હાર્ટવાળામાં, ખબર છે ? કદાચ સાધારણ તમને ખબર હશે પણ આજે આપણે આ અંકમાં આ અંગેની વિગતવાર વાતો જાણવાના છીએ. ખૂબ જ સુંદર અને રસપ્રદ વાતો છે આ. આવો વાંચીએ અને આપણે હૃદય તરફ કેવી રીતે વળીએ એ જાણીએ.*

*-ડીમ્પલ મહેતા*




તંત્રી તથા સંપાદક:
ડિમ્પલ મહેતા
વર્ષ : ૮, અંક : ૧૦
સળંગ અંક : ૯૪
જૂન ૨૦૧૬



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website:
kids.dadabhagwan.org



Printed & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Owned by
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Printed at
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

Published at
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.



લવાજમ ( ગુજરાતી )
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

દાદાશ્રી : એક હાર્ટ અને એક બુદ્ધિ. હાર્ટ મોક્ષે લઈ જવા હેલ્પ કર્યા કરે અને બુદ્ધિ ગૂંચવાડા નાખ નાખ કરે. બુદ્ધિથી જ આ સંસાર ઊભો છે.

પ્રશ્નકર્તા : હૃદય એટલે શું કહેવા માંગો છો ?

દાદાશ્રી : હૃદય એટલે શુદ્ધ પ્રેમપૂર્વકનો માર્ગ છે.

દિપકભાઈ : માણસમાં બુદ્ધિ વધે અને હાર્ટની પ્યોરિટી ન હોય તો એ બરોબર કામ ન આપે, હાર્ટિલી

# જ્ઞાની કહે છે...



જોઈએ. બુદ્ધિ એકલી રખડાવી મારે. ભગવાનને ત્યાં હાર્ટવાળાનું કામ છે. ભલે ગામડિયું લાગે પણ હાર્ટિલી માણસનું કામ છે!

હૃદયવાળાનો વ્યવહાર આદર્શ હોય. ખૂબ લાગણીવાળો દેખાય. કોઈનું દુઃખ એ પોતાનું દુઃખ જ લાગે અને એને માટે હૃદય કકડી ઉઠે કે, અરેરે ! આવું દુઃખ બિચારાને ! અને પછી બધી હેલ્પ કરે.

બુદ્ધિવાળો આમ દેખાડો કરે કે મને તારા માટે કેટલી લાગણી છે પણ સામે તને મારા માટે કંઈ લાગણી છે કે નહીં એવું ચેક કર્યા કરે. અને એવી અપેક્ષા પણ હોય જ. અને જો ખબર પડે કે લાગણી નથી તો ધીમેથી ખસી જાય. એટલે આ બુદ્ધિના તોફાનો બહુ વસમા છે.

પ્રશ્નકર્તા : હૃદય સુધી પહોંચવા માટે સંત પુરૂષના કે જ્ઞાની પુરૂષના સત્સંગ અને દર્શનની જરૂર છે ને?

દાદાશ્રી : હા, દર્શન ને સત્સંગની જરૂર. એ દર્શન તો કામ કાઢી નાખે. બુદ્ધિ ભટકાવે બધે. અને હૃદયના વિચાર, હૃદયની વાણી, હૃદયનું વર્તન એ તો ભગવાન બનાવે.



આપણું બુદ્ધિવાળું
હોય તો
સામેવાળાનું પણ
બુદ્ધિવાળું હોય અને
આપણું જો દિલ
હોય તો સામે પણ
દિલ જ હોય.





# આ તો નવી

ગમે તેવો ખરાબ દોષ
હોય પણ તેનો તમને
ખૂબ હ્રદયથી પસ્તાવો
થાય તો એ દોષને જયે
જ છુટકો.





હાર્ટવાળાનો
વ્યવહાર આદર્શ
હોય

# જ વાત !



હૃદયવાળા વ્યવહારના પડઘા પડે જ. સામાને દુ:ખ ન હોય. એમ બુદ્ધિવાળા વ્યવહારના પણ પડઘા પડે. સામાને દુ:ખ થઈ જાય.

# બુદ્ધિ VS હૃદય



VS



| | | |
|---|---|---|
| ૧. ફાયદો - નુકસાન દેખાડે | - | હિત - અહિત દેખાડે |
| ૨. પોતાનો જ ફાયદો જૂએ, સામાનું જે થવું હોય એ થાવ. | - | બધાનું હિત જૂએ |
| ૩. કઠોરતા ઉત્પન્ન થાય | - | મૃદુતા - સરળતા ઉત્પન્ન થાય |
| ૪. સામા માટે તિરસ્કાર ભાવ હોય | - | ઉપકાર ભાવ હોય |
| ૫. સામે બદલાની અપેક્ષા હોય | - | કોઈ અપેક્ષા ન હોય |
| ૬. બધા સાથે ભેદ પાડે | - | હળીમળીને રહે, સામો પડે તો પણ પોતે ન પડવા દે |
| ૭. સ્વાર્થ હોય | - | પ્રેમ હોય |
| ૮. જ્ઞાન માટે જરૂર નથી | - | જ્ઞાન માટે જરૂરી છે |
| ૯. વિકલ્પો (ગૂંચવાડા) વધારે | - | વિકલ્પો ઓછા કરે |
| ૧૦. વિચાર કરીને નિર્ણય લે | - | સમજણથી નિર્ણય લે |
| ૧૧. જંપીને બેસવા ન દે | - | જંપવા દે, સ્થિર થવા દે |
| ૧૨. સંસારમાં ભટકાવે | - | ભગવાન બનાવે |
| ૧૩. ઈમોશનલ કરે | - | મોશનમાં રાખે |
| ૧૪. બીજાના દોષ દેખાડે | - | પોતાની ભૂલો દેખાડે |
| ૧૫. અહંકાર વધારે હોય | - | અહંકાર ઓછો હોય |
| ૧૬. ચંચળ હોય | - | સ્થિર અને સ્વસ્થ હોય |

# હૃદયની રીત



વર્ષો જૂની અને જાણીતી મિલ, શાહ એન્ડ સન્સના માલિક મિ.પ્રવીણ શાહ એમના અમેરિકાથી માર્કેટિંગમાં એમ.બી.એ કરીને હમણાં જ આવેલા દીકરા, વિજય સાથે આજના બીઝનેસ ટુડેની હેડલાઈન વિષે ચર્ચા કરી રહ્યા હતા.

"જે એક્ષ્પોર્ટ ઓર્ડર શાહ એન્ડ સન્સ પણ પૂરો કરી શકે તેમ ન હતો તે જયહિંદ મિલ્સે સમયસર પૂરો કર્યો."

"આ બે જ વર્ષથી ખુલેલી મિલ આટલી બધી નામના કેવી રીતે મેળવે છે ? અને આપણા કરતા અડધા કારીગરોને અને કર્મચારીઓ સાથે કેવી રીતે આપણને ટક્કર આપે છે ?" પ્રવીણ શાહે આશ્ચર્ય સાથે પૂછ્યું. વિજયે પણ ઉમેર્યું, "મને તો એ નવાઈ લાગે છે કે એમાં કામદારોની કોઈ યુનિયન જ નથી! જસ્ટ કાન્ટ બીલીવ!"

"આપણી વેપાર પદ્ધતિઓ તો જમાના પ્રમાણે જ ચાલે છે. કુશળ અને હોશિયાર કારીગરો અને નિષ્ણાંત કર્મચારીઆને જ આપણે નોકરીએ રાખીએ છીએ. મારી વેપાર બુદ્ધિ અને અનુભવમાં અધતન થીયરી ઉમેરાય એ માટે તને વિદેશમાં એમ.બી.એ કરાવ્યું. મને લાગે છે કે, કોકે ઘુસપેઠ કરીને આ જયહિંદ મિલ્સની સફળતાનું કારણ શોધવું પડશે." વિજય ઊભો થઈને બોલ્યો, "ડોન્ટ વરી, ડેડી. હું ટ્રેની માર્કેટિંગ મેનેજર તરીકે જઈને ખબર કાઢી લાવીશ કે એમની એવી કઈરીત છે જે ઓછા માણસો સાથે પણ બમણું કામ કઢાવે છે અને છતાં કામદારોમાં કોઈ અસંતોષ નથી."

અઠવાડિયા પછી જયહિંદ મિલ્સમાં જ્યારે મીટીંગ થઈ, ત્યારે વિજય પણ ટ્રેની તરીકે ત્યાં હાજર હતો. મિલના માલિક મિ.હાર્દિક પંડ્યાએ શરૂ કર્યું, "કેમ છે મારા પરિવારના બધા સદસ્યો ? બધું બરાબર તો ચાલે છે ને ? ઘરે બાળકો અને પરિવારજનો બધા મજામાં ? કોઈને કોઈ તકલીફ તો નથી ને ?" આ બધું સાંભળીને એક મિનિટ માટે વિજય વિચારમાં પડી ગયો, પછી ધીમેથી બબડ્યો, "આ મીટીંગ છે કે મજાક ? કેટલું ઉત્પાદન થયું ? કેવું માર્કેટિંગ ચાલે છે ? કયા

માલિક મિ.હાર્દિક પંડ્યાએ શરૂ કર્યું, "કેમ છે મારા પરિવારના બધા સદસ્યો ? બધું બરાબર તો ચાલે છે ને ? ઘરે બાળકો અને પરિવારજનો બધા મજામાં ? કોઈને કોઈ તકલીફ તો નથી ને ?" આ બધું સાંભળીને એક મિનિટ માટે વિજય વિચારમાં પડી ગયો, પછી ધીમેથી બબડ્યો, "આ મીટીંગ છે કે મજાક ? કેટલું ઉત્પાદન થયું ? કેવું માર્કેટિંગ ચાલે છે ? કયા ખાતામાં કેટલા ખર્ચા... વગેરે પુછવા ને બદલે આ બધું શું ?"



આ સાંભળીને એની બાજુમાં બેઠેલા એક કર્મચારીએ કહ્યું, "ભાઈ, આ પંડ્યા સાહેબનું તો એવું જ છે. આ તમે કહો છો એવી વાતો બીજી બધી બુદ્ધિજીવીઓની કંપનીમાં થતી હશે. અહીં તો દર મહીને ફક્ત એકબીજાની ખેર-ખબર પૂછવા મીટીંગ થાય છે. હા, જ્યારે કોઈ મિલનો અગત્યનો પ્રશ્ન આવે ત્યારે પંડ્યા સાહેબના એકજ વારના બોલાવા પર એકેએક કામદાર અને કર્મચારી હાજર થઈને હળીમળીને એનો ઉકેલ લાવે. દા.ત. આ એક્ષપોર્ટ ઓર્ડર, જે હમણાંના તાજા ખબર છે.. શાહ એન્ડ સન્સથી જે ઓર્ડર પૂરો ના થઈ શક્યો એનું બીડું આપણાં કામદારોએ ઝડપવાનું નક્કી કર્યું. દિલોજાનથી પુરેપુરી લગનથી કામ પાર પાડ્યું. સાહેબે પણ રાત દિવસ એક કરીને કામદારોની હારોહાર મહેનત કરી હતી." આ બાજુ વારાફરતી દરેકની સાથે પંડ્યા સાહેબ વાત કરતા હતા.

"તો પછી બમણો પગાર પણ મળ્યો હશે ને ? નહીં તો શોષણ કહેવાય. કામદાર યુનિયન બનાવી હોય તો આ બધું ના ચાલવા દે." વિજયે દાણો દબાવી જોયો. "એ શું બોલો છો ? કામદાર યુનિયન ?" કર્મચારી ભડક્યો. "બાપ સમાન પંડ્યા સાહેબ તો બધા કામદારોની દિલથી કાળજી લે છે. અને એમના સુખ-દુઃખમાં સૌથી આગળ હોય છે. સાહેબ તો એ ઓર્ડર લેવા પણ સહમત નહતા કેમકે, એમને

**" એવી વાતો બીજી બધી બુદ્ધિજીવીઓની કંપનીમાં થતી હશે. અહીં તો દર મહીને ફક્ત એકબીજાની ખેર-ખબર પૂછવા મીટીંગ થાય છે. "**


ખાતામાં કેટલા ખર્ચા... વગેરે પુછવા ને બદલે આ બધું શું?''

આ સાંભળીને એની બાજુમાં બેઠેલા એક કર્મચારીએ કહ્યું, ''ભાઈ, આ પંડ્યા સાહેબનું તો એવું જ છે. આ તમે કહો છો એવી વાતો બીજી બધી બુદ્ધિજીવીઓની કંપનીમાં થતી હશે. અહીં તો દર મહીને ફક્ત એકબીજાની ખેર-ખબર પૂછવા મીટીંગ થાય છે. હા, જ્યારે, કોઈ મિલનો અગત્યનો પ્રશ્ન આવે ત્યારે પંડ્યા સાહેબના એકજ વારના બોલાવા પર એકેએક કામદાર અને કર્મચારી હાજર થઈને હળીમળીને એનો ઉકેલ લાવે. દા.ત. આ એક્ષ્પોર્ટ ઓર્ડર, જે હમણાંના તાજા ખબર છે.. શાહ એન્ડ સન્સથી જે ઓર્ડર પૂરો ના થઈ શક્યો એનું બીડું આપણાં કામદારોએ ઝડપવાનું નક્કી કર્યું. દિલોજાનથી પુરેપુરી લગનથી કામ પાર પાડ્યું. સાહેબે પણ રાત દિવસ એક કરીને કામદારોની હારોહાર મહેનત કરી હતી.'' આ બાજુ વારાફરતી દરેકની સાથે પંડ્યા સાહેબ વાત કરતા હતા.

''તો પછી બમણો પગાર પણ મળ્યો હશે ને ? નહીં તો શોષણ કહેવાય. કામદાર યુનિયન બનાવી હોય તો ઓ બધું ના ચાલવા દે.'' વિજયે દાણો દબાવી જોયો. ''એ શું બોલો છો ? કામદાર યુનિયન ?'' કર્મચારી ભડક્યો. ''બાપ સમાન પંડ્યા સાહેબ તો બધા કામદારોની દિલથી કાળજી લે છે. અને એમના સુખ-દુ:ખમાં સૌથી આગળ હોય છે. સાહેબ તો એ ઓર્ડર લેવા પણ સહમત નહતા કેમકે, એમને લાગ્યું હતું કે, આટલો મોટો ઓર્ડર પૂરો કરવામાં આપણાં કામદારોએ અતિશય જહેમત ઉઠાવવી પડશે અને વધુ કલાકો કામ કરવું પડશે. એમ કરશે તો એમના ઘર પરિવારજનોને વેઠવું પડશે. પણ, કામદારોની લાગણીઓ આગળ એ નમી ગયા'', એ માણસ બોલીને જરા અટક્યો.

''પણ આ બધું તો એક તરફી ના કહેવાય ? ચાલો માન્યા કે મિલના કામદારો દિલથી કામ કરે છે પણ પંડ્યા સાહેબ શું કરે છે એમના માટે ?'' વિજયે ફરી એકવાર પ્રયત્ન કર્યો. પેલા માણસે આશ્ચર્યથી વિજયની સામે જોયું અને પૂછ્યું, ''ભાઈ આ શહેરના નથી લાગતા. નવા આવ્યા છો ?'' ''હા'', વિજયે ટુંકાણમાં જવાબ આપ્યો.

''હવે સમજ્યો, ભાઈ, પંડ્યા સાહેબે અમારા માટે શું કર્યું નહીં, શું નથી કર્યું એમ પૂછો ? ખરેખર તો આ જયહિંદ મિલ ખોલી જ છે અમારા માટે.'' એ માણસ વર્ષો પહેલાંની યાદમાં સરી ગયો. ''અમારી પોળ પંડ્યા સાહેબનું જન્મ સ્થળ છે, એમના પિતાજીની બદલીઓ થતી રહેતી તેમ તેમણે એક શહેરથી બીજા શહેરમાં રહેવું પડતું. પિતાજીના અવસાન પછી એમને બેંકની નોકરી મળી. આ પોળ અને અહીંના લોકો હંમેશાથી એમના હૃદયની ખૂબ નજીક હતા. એમના પત્ની અને બાળકોને લઈને એકવાર અહીં આવ્યા તો પોળનાં લોકોના હાલ જોયા. એક મોટું કારખાનું બંધ પડી જતા, અમારી અને આસપાસની આઠ-દસ પોળના બધા બેરોજગાર થઈ ગયા હતા. કોઈ કંઈ ખાસ ભણેલું



નહોતું. બાળકોના ભણતરની કોઈને દરકાર ન હતી. જેને જ્યાં જે છૂટક મજૂરીનું નાનું મોટું કામ મળે એ કરીને ગાડું ગબડાવ્યા કરતા હતા. પંડ્યા સાહેબનું હૃદય પાછું જવા ના માન્યું અને બેંકની નોકરીમાંથી મરજીયાત વહેલી નિવૃત્તિ લઈ આવ્યા. એમના ઘરબાર વેચીને, જીવનભરની પુંજી જોડીને, લોન લઈને, કારખાનું ખરીધું અને મિલ મશીનો વસાવ્યા. ઘરે-ઘરે રોજગારી મળી અને અમે ઠરીઠામ થયા. બાળકોને સરકારી સ્કુલમાં નિયમિત મોકલવા સમજાવ્યું."

"અરે ! એકવાર મારો જ મિલની બહાર અકસ્માત થતો સાહેબે જોયો. મને તરત હોસ્પિટલ લઈ ગયા, લોહી ચડાવવું પડે એમ હતું. સાહેબે ડૉક્ટરને કહ્યું કે એમનું બ્લડગ્રુપ ઓ પોઝીટીવ છે વિચાર કરવા રોકાયા વગર મારું લોહી લઈ એને જલ્દી બચાવે. એ દિવસ તો હું ક્યારેય નહિ ભૂલું. જ્યારે મને ભાન આવ્યું ત્યારે એમણે મારું નામ પૂછીને કહ્યું, "હું તારી મહિનાની રજા મંજૂર કરાવી દઈશ. ચિંતા કર્યા વગર આરામ કરજે અને સંભાળજે. કશી વાતની તકલીફ કે કોઈ જરૂર હોય તો મને સીધો ફોન કરજે." તમે આવા સાહેબ જોયા છે ? જેને એમના જે સાધારણ કામદારનું નામ પણ નથી ખબર છતાં એના માટે દુઃખ લાગે, મદદ કરવા કાયમ તત્પર હોય."

"હં..." વિજયે હવે અલગ નજરે પંડ્યા સાહેબને જોયા. એ કોઈને ખભે તો કોઈને માથે હાથ ફેરવીને સ્મિત સાથે કેટલી આત્મીયતાથી વાત કરી રહ્યા હતા. ખબર જ ના રહી અને વિજયનો વારો આવી ગયો. ઊભો થઈને એમની પાસે ગયો. પંડ્યા સાહેબે હાથ આગળ કરતા કહ્યું, "ટ્રેનીંગ કેવી ચાલે છે મિ. વિજય શાહ ?" વિજય ચમકી ગયો અને ગભરાઈને પૂછ્યું, "તમે મારું નામ જાણો છો ?" હસતા હસતા પંડ્યા સાહેબ બોલ્યા, "આ રજીસ્ટરમાં તમારું નામ અને ફોટો છે."

એટલામાં એમની બાજુમાં બેઠેલા મેનેજરનો ફોન રણક્યો. ટુંકી વાત કરીને ફોન મુકતા બોલ્યા, "સાહેબ, અમેરિકન કંપનીને આપણો માલ બહુ ગમ્યો અને હવે બીજો ઓર્ડર આપવા મને આવતા અઠવાડીયે બોલાવે છે..." ત્યાં જ એને અટકાવીને, "તારે હમણાં કશે જવાનું નથી. તારી પત્નીને છેલ્લો મહિનો જાય છે. તારી જરૂર અત્યારે ઘરે વધારે છે. આટલે દૂર હું તને જવાની મંજુરી નહીં આપું." કડક અવાજે પંડ્યા સાહેબ બોલ્યા. "પણ આટલો મોટો મોકો ખોઈશું તો મિલ ને ભારે નુકસાન થશે." મેનેજરે ચિંતા વ્યક્ત કરી. પંડ્યા સાહેબે સમજાવતા કહ્યું, "કોઈ ફાયદા નુકસાનની મને કોઈ ચિંતા નથી મને ફક્ત આપણાં મિલ પરિવારના હિત અહિતની ચિંતા છે. કોઈ એકપણ કામદાર કે કર્મચારીને કે એના પરિવારજન ને જરા સરખું પણ દુઃખ કે અસંતોષ હશે તો શું કરવાની આ મિલ ? આપણે જો કોઈ બીજું જઈ શકે તેમ હોય તો એને મોકલીશું નહીં તો કંઈ નહીં. લોકલ ઓર્ડરો ઉપર પણ સરસ કામ ચાલે છે." મેનેજર સંતોષ સાથે ચુપ થઈ ગયો. પંડ્યા સાહેબે ફરીને વિજય બાજુ જોયું તો એ જતો રહ્યો હતો.

વિજયને કેબીન તરફ આવતા જોઈ મિ.શાહ ઊભા થઈ ગયા અને એમની સાથેના બે મેનેજરોને બહાર જવા ઈશારો કર્યો. એમના જતાં જ બોલ્યા, "બહુ જલ્દી ખબર લઈ આવ્યો બેટા ! તો શું છે એમની વેપાર પદ્ધતિ ? કઈ રીત છે એ લોકોની ?" વિજયે ઠંડા કલેજે જવાબ આપ્યો, "હૃદયની રીત". "હું કંઈ સમજ્યો નહિ, જરા સરખું બોલ", મિ.શાહ જરા ઉતાવળા થયા. "ડેડી, એ લોકોમાં ઉપરથી લઈને નીચે સુધીનો દરેક કર્મચારી અને કામદાર પંડ્યા સાહેબ સાથે હૃદયથી જોડાયેલો છે. એ લોકો કોઈ નફાખોરી માટે કામ નથી કરતા પણ આખા સમુદાયના કલ્યાણ માટે કામ કરે છે. કોઈ બુદ્ધિ, ચતુરાઈ કે રણનીતિ ના આધારે નહીં પણ હૃદયથી, સમજણથી, પ્રેમથી, કોઈ જાતના અહંકાર વગર પંડ્યા સાહેબ મિલ ચલાવે છે અને એમના આવા વ્યવહારના પડઘા સ્વરૂપે દરેક કામદાર જીવ રેડીને કામ કરે છે. જેના પરિણામે ગમે તેવું મોટું કામ પણ સરસ ગુણવત્તા સાથે થાય છે." બંને જણ બેસી ગયા અને એકબીજાની સામે તાકી રહ્યા. મનોમન તો સમજી ગયા કે એવું આપણાથી તો થવાનું જ નથી.



તમે પણ સમજી ગયાને દોસ્તો ? હાર્ટવાળાનો વ્યવહાર આદર્શ હોય.


બુદ્ધિ જીતે કે હૃદય ?
પરિસ્તાનની વાત છે. બે નાની નાની પરીઓ હતી. એકનું નામ સોનપરી અને બીજીનું નામ નીલપરી. બંને ક્યારે મોટી પરીઓ જેવો જાદુ મળશે એની રાહ જોતી મોટી થઈ રહી હતી.
સોનપરી - ખુબ બુદ્ધિશાળી. દરેક કામ બહુ વિચારીને ચતુરાઈથી કરે.
નીલપરી - ખુબ પ્રેમાળ. એના દિલમાં જે આવે એ વિચાર્યા વગર કરી નાખે.
બે નાની પરીઓમાં જેના મિત્રો વધારે હશે એને પરીઓ વાળો જાદુ મળશે.
આ માટે એમને ૩ (ત્રણ) વાર જાદુ કરી શકવાની શક્તિ આપી.
સોનપરી તો નીલપરીને લીધા વગર આખા પરીસ્તાનમાં ફરીને મિત્રો બનાવવા નીકળી ગઈ.
રસ્તામાં એક ઉજ્જડ મેદાન આવ્યું, સુકાઈ જતી નદી આવી. સોનપરીને તો મિત્રો બનાવવા હતા એટલે ધ્યાન આપ્યા વગર આગળ જતી રહી.
મારે મારા ત્રણ જાદુ વિચારીને વાપરવાના છે કે જેથી હું વધારે મિત્રો બનાવી શકું.



આ બાજુ નીલપરી સોનપરીને શોધતી ઉજ્જડ જગ્યામાં પહોંચી.
પરીસ્તાનમાં આવી વેરાન જગ્યા તો નહોતી ? બિચારા પંખીઓ, પ્રાણીઓ, ઝાડપાન, પાણી વગર કેવી રીતે... અરે હા ! મારી પાસે તો હવે જાદુ છે.
તરત એક જાદુ કરીને આખા વેરાન ક્ષેત્રને રંગીન અને સુગંધિત ફૂલો, વૃક્ષો, લતાઓ, સુંદર પંખીઓ, રંગબેરંગી પતંગિયાઓ અને ઝરણાઓથી ભરી દીધું.
આગળ ગઈ તો એક નદી સુકાઈ રહી હતી.
બીજું જાદુ કરીને એણે નદીને પાણીથી છલકાઈ દીધી અને બધા જળચર પ્રાણીઓમાં જાણે નવા પ્રાણ ફૂંકાયા.
અરે વાહ ! આ જાદુ તો કેવું સરસ છે ?
આ બાજુ સોનપરીએ એક જાદુ કરીને પરિસ્તાન વાસીઓ માટે ભેદ સોગાદો તૈયાર કરીને વહેંચી. પછી ધીમેથી પૂછ્યું.
મારા મિત્ર બનશો ?
આ ભેટના બદલામાં ? તો રોજ ભેટ મળશે ? એથી અમને શું લાભ થશે ? નહીં તો આ પાછી લઈ લેશે ?
મને એમ કે ભેટ સોગાદો આપીશ તો બધા મારા મિત્ર બની જશે. પણ...કંઈ નહીં, ફરી એક વાર...
બધા પોતાનું નામ અને મનપસંદ ભેટનું નામ પાંદડા પર લખીને આમાં નાખો.



પછી એણે બીજું જાદુ કરીને એ પાંદડા બોક્ષ બનાવી દીધા જેમાં ઉપર લખેલા નામની વ્યક્તિની લખેલી વસ્તુ હતી.
પોતાનું નામ જોઈને બોક્ષ લઈ જાઓ.
બધા એકબીજાને ધક્કા મારીને પોતાની ભેટ શોધવા લાગ્યા.
હો હો સાંભળીને રાણીપરી અને નીલપરી ત્યાં આવી ગયા.
આ શું છે બધું ?
પોતાની ભેટ શોધવામાં બધી ભેટો આમતેમ ફંગોળાઈ ને પડીને ફાટી તૂટી ગઈ. ધક્કા મૂક્કીમાં બધાને ઈજાઓ પણ થઈ.


થાકીને બધા પાછા જવા માંડ્યા.
આ જોઈને સોનપરીએ ત્રીજો જાદુ કરીને બધી ભેટ પાછી એમની એમ કરી દીધી.
નીલપરીથી બધાની ઈજા ના જોવાઈ તો એણે એનો ત્રીજો જાદુ કરીને બધાને પાછા સ્વસ્થ કરી દીધા.
ઊભા રહો ! આ વખતે બધા એક એક ભેટ લઈ એની ઉપર જેનું નામ હોય તેને આપો.
બધાએ એમ કર્યું અને જોતજોતામાં દરેકને પોતાની મનપસંદ ભેટ મળી ગઈ.
બીજાને આપશો તો તમને પોતાનું મળીજ રહેશે, ફક્ત પોતાનુ જ વિચારશો તો કોઈ તમારું પણ નહીં વિચારે.
સોનપરીને લાગ્યુ કે રાણીપરી એને સમજાવી રહ્યા છે.


સોનપરીએ આટલા બધા મિત્રો બનાવ્યા, મેં તો કોઈ મિત્ર નથી બનાવ્યા. જાદુની શક્તિ સોનપરીને જ મળવી જોઈએ.
હું મારા જાદુઈ અરીસામાં જોતી હતી, સોનપરીએ પોતાના ત્રણે જાદુ બુદ્ધિથી મિત્રો બનાવવા વાપર્યા. યુક્તિથી પરિસ્તાનના લોકોને મિત્ર બનાવ્યા અને નીલપરીએ દિલની લાગણીને અનુસરીને અનાયાસે જ પરીસ્તાનના જીવો - પતંગિયા, પ્રાણીઓ, પક્ષીઓ, નદીના જીવોને મિત્ર બનાવ્યા. તો નીલપરી સ્પર્ધા જીતી, એને પરીવાળો જાદુ મળશે.
હું સમજી ગઈ કે બુદ્ધિની અપેક્ષા હોય જે ફક્ત પોતાનુ જ વિચારે અને દિલની લાગણી હોય જ પોતાના પહેલા બીજાનું હિત જોવે. મને ખુબ પસ્તાવો થાય છે અને હું રાણીપરીની અને તમારા બધાની માફી માંગુ છું.
રાણીપરી, મારી વિનંતી છે, સોનપરીને હૃદયથી પસ્તાવો થાય છે તો એને માફી આપો.
જાદુ આપતા પહેલાં એ જોવું જરૂરી હતું કે શક્તિનો ઉપયોગ દિલથી બીજાના હિત માટે હોય, એવી સમજણ તમારામાં છે કે નહીં. તને હૃદયથી પસ્તાવો થયો છે તો તને માફી અને જાદુ બંને મળશે.

# ચાલો રમીએ...


**૧.** કાચબાને સાચો રસ્તો શોધવામાં મદદ કરો.




**૨.** બાજુમાં આપેલા પ્રાણીઓનાં નામ કોષ્ટકમાંથી શોધો.

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| G | M | O | U | S | E | H | N | W | R | B | W | C | W | L |
| X | D | A | Q | H | J | X | O | O | M | L | T | H | W | J |
| B | W | S | H | N | L | H | T | P | I | C | R | A | W | M |
| Y | W | M | G | I | R | A | F | F | E | L | K | D | O | G |
| R | C | K | R | R | R | S | Y | K | T | H | I | P | P | O |
| J | T | A | W | I | A | F | B | X | X | L | Q | R | J | E |
| D | R | O | T | A | B | I | L | L | A | E | B | Z | H | X |
| T | H | N | X | P | B | C | L | I | C | R | V | Z | S | Z |
| V | N | H | R | S | I | H | E | T | O | R | I | B | I | Q |
| N | Z | A | C | S | T | Y | X | L | T | N | N | H | F | L |
| W | U | Q | H | K | L | J | A | E | A | U | F | A | H | F |
| V | Q | Q | D | P | O | Y | T | I | G | E | R | A | T | V |
| X | M | T | L | Q | E | T | J | Y | E | S | Y | R | C | H |
| T | A | C | K | Q | C | L | K | M | O | N | K | E | Y | R |
| P | T | S | H | W | L | Y | E | T | D | R | A | H | T | L |

**GIRAFFE, TIGER, MOUSE, CAT, ELEPHANT, RABBIT, LION, DOG, HIPPO, MONKEY**





**૩.** ટપકાં જોડી ચિત્ર પૂર્ણ કરો.



**૪.** સાચા સ્પેલિંગ બનાવો.

1. tihabryd ______________
2. ifgt ______________
3. carsd ______________
4. oanllsbo ______________
5. aldensc ______________
6. msuci ______________
7. samge ______________
8. tapry ______________
9. onclw ______________
10. akce ______________

# જીવંત ઉદાહરણ

## ૧.

ગાંધીયુગના જાણીતા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના બાળપણની વાત છે. ઝવેરચંદના પિતા પોલીસ અધિકારી હતા. એકવાર મોટા મોટા સરકારી અધિકારીઓને તેમણે જમવા બોલાવ્યા હતા. દૂધપાક બનાવવાનો હતો. ગામડેથી દૂધ મંગાવવામાં આવ્યું. મજાનો દૂધપાક તૈયાર થયો. બધાં હોંશે હોંશે ખાવા લાગ્યાં. વખાણ કરતાં જાય અને વાટકો ખાલી કરતાં જાય. પણ કિશોર ઝવેરચંદે દૂધપાકમાં આંગળી યે બોળી નહીં. કોઈકે કારણ પૂછ્યું તો કિશોરની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

રડમસ સાદે કિશોર ઝવેરચંદ બોલ્યા, "દૂધપાક મારા ગળે ઊતરતો નથી. સવારે દૂધ લાવનાર માણસો કહેતા હતા કે આટલું દૂધ ભેગું કરવા એમણે એમના વાછડાં માટે ય દૂધ રાખ્યું નથી. એમના છોકરાં સારુ પણ દૂધ રહેવા નથી દીધું. આવી રીતે ભેગા કરેલા દૂધનો દૂધપાક મારા ગળે કેવી રીતે ઉતરે ? હું નહીં ખાઈ શકું."

બાળક ઝવેરચંદની કેવી સુંદર લાગણી ! બીજાનું દુઃખ એમને પોતાનું જ લાગ્યું

## ૨.

બાળમિત્રો, સાત વર્ષના ડાયલનને મળો. ડાયલનના મિત્ર જોનાહને એક ખૂબ જ અસામાન્ય લીવરની બીમારી થઈ છે. પોતાના મિત્રની મદદ કરવા માટે, સાત વર્ષીય ડાયલને જોનાહ સાથેની મિત્રતા ઉપર "ચોકલેટ બાર" નામનું પુસ્તક લખ્યું.

ડાયલને નક્કી કર્યું કે પુસ્તકના વેચાણમાંથી આવતી બધી રકમ, એ પોતાના મિત્રની બીમારીના ઉપચાર માટે થઈ રહેલા રીસર્ચને ફાળવશે.

પુસ્તકનું વેચાણ શરૂ થયું અને અમુક જ કલાકોમાં પાંચ હજાર ડોલરની રકમ જમા થઈ ગઈ. અને ત્યારબાદ એ રકમ વધતી જ ગઈ. બે જ વર્ષમાં આ રકમ લગભગ એક મિલિયન ડોલર સુધી પહોંચી ગઈ છે. ડાયલનની બુકના વેચાણથી જમા થતી બધી જ રકમ સીધી જોનાહના રીસર્ચ ફંડમાં જમા થઈ જાય છે. એ ફંડની મદદથી ડોક્ટર્સ જોનાહના રોગનો ઉપચાર શોધી રહ્યા છે.

આવા નાના બાળકનું કેવું મોટું દિલ. પોતાનો કંઈ પણ ફાયદો શોધ્યા વગર, પોતાના મિત્રની અને એ રોગથી પીડિત દર્દીઓની મદદ કરી રહ્યો છે.

# પઝલના જવાબો


૧.



૨.



૩.



૪.

| | |
|---|---|
| 1. birthday | 6. music |
| 2. gift | 7. games |
| 3. cards | 8. party |
| 4. balloons | 9. clown |
| 5. candles | 10. cake |

## જર્મની, યુ.કે ના પ્રવાસ દરમ્યાન બાળકો સાથે પૂજ્યશ્રી











Akram Express

June 2016
Year : 8, Issue : 10
Conti. Issue No.: 94

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/27/2015
valid up to 31-12-2017
Posted at Adalaj Post office
on 08th of every month





# અડાલજ ખાતે પૂજ્યશ્રીના જન્મદિવસની ઉજવણી





<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #.** અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.